# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-05-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'ઑપરેશન સિંદૂર'ને હાલ પુરતું મુલતવી રાખવામાં આવ્યું.**
2. **રાજ્યના યુવાનોને ભવિષ્ય માટે તૈયાર બનાવવા અમદાવાદમાં આઈ-ફેક્ટરી લેબ શરૂ કરવામાં આવી.**
3. **ભાવનગર અને મોરબીરમાં બે અલગ અલગ માર્ગ અકસ્માતમાં છ લોકોનો મોત.**
4. **દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળ પર આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **જુનાગઢનાં ખેલાડી જેન્સી કાનાબાર જૂન મહિનામાં શરૂ થનારી વિમ્બલડન ટૅનિસ ટૂર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , 'ઑપરેશન સિંદૂર 'ને હાલ પુરતું મુલતવી રાખવામાં આવ્યું છે. વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ગઈકાલે દેશને સંબોધતા શ્રી મોદીએ કહ્યું , 'ઑપરેશન સિંદૂર ' શરૂ થયા પછી પહેલા ત્રણ દિવસોમાં જ પાકિસ્તાનમાં તેમની આશા કરતા વધુ નુકસાન થયું છે. ભારતની આ આક્રમક કાર્યવાહી પછી પાકિસ્તાન તણાવ ઓછો કરવાના માર્ગ શોધવામાં લાગ્યું છે અને તણાવથી રાહત મેળવવા માટે વિશ્વભરમાંથી મદદ માગી રહ્યું છે.

પ્રધાનમંત્રીએ કહ્યું , 'ઑપરેશન સિંદૂરે ' આતંક સામેની લડાઈમાં એક નવું ધોરણ અને નવી પદ્ધતિ સ્થાપિત કરી છે. શ્રી મોદીએ પોતાના સંબોધનમાં ભારતના ત્રણ મુખ્ય સુરક્ષા સ્તંભનો પણ ઉલ્લેખ કર્યો.

**(BYTE - PM NARENDRA MODI)**

---

# I FACTORY LAB

રાજ્યના યુવાનોને ભવિષ્ય માટે તૈયાર બનાવવા અમદાવાદમાં આઈ-ફેક્ટરી લૅબ શરૂ કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ , કૌશલ્ય- ધી સ્કિલ યુનિવર્સિટી દ્વારા ઈન્ડસ્ટ્રી ફોર પૉઈન્ટ ઓ જેવી ઉભરતી ટૅક્નોલોજી અંગે યુવાનોને તાલીમ આપવા અમદાવાદના કુબેરનગર ખાતે આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા- I.T.I. ખાતે આ લૅબ શરૂ કરવામાં આવી છે.

ઉદ્યોગ મંત્રાલયના સહકારથી શરૂ કરાયેલી લૅબના માધ્યમથી વિવિધ અભ્યાસક્રમ દ્વારા યુવાનોને રૉબોટિક્સ , ઈન્ટરનેટ ઑફ થિંગ્સ – I.O.T., ડૅટા ઍનાલિટિક્સ અને સાયબર-ફિઝિકલ સિસ્ટમ જેવી ઈન્ડસ્ટ્રી ફોર પૉઈન્ટ ઓ ટૅકનોલૉજીની તાલીમ અપાશે.

ઉપરાંત લૅબમાં પ્રૉડક્ટના ઑર્ડરથી લઈ તેની ડિલિવરી સુધીની સમગ્ર પ્રક્રિયા ઑટોમેટિક થાય તે માટેની ટૅક્નોલૉજીની તાલીમ અપાશે. તેનાથી ઉદ્યોગોમાં કાર્યરત્ માનવબળ આ નવિન ટેક્નોલૉજીથી માહિતગાર થશે.

---

# VNSGU UGC

સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ વિશ્વ-વિદ્યાલય અનુદાન આયોગ- UGCની મલ્ટિપલ એન્ટ્રી-ઍક્ઝિટ માનક સંચાલન પ્રક્રિયા- SOPને મંજૂરી આપી છે. તે અંતર્ગત અધૂરો અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓ પદવી મેળવી શકશે. જ્યારે અધવચ્ચે અભ્યાસ છોડનારા વિદ્યાર્થીઓને પદવી મળતી ન હતી. તેઓ હવે અભ્યાસ પૂર્ણ કરશે તો તે મુજબ પદવી એનાયત કરાશે તેમ યુનિવર્સિટીના કુલપતિ કિશોરસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

(BYTE- KISHORSINH CHAVDA)

---

# PURAK PARIKSHA

રાજ્યમાં ધોરણ 12 વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં લેવાયેલી પરીક્ષામાં એક કે તેથી વધુ વિષયમાં ગેરહાજર , નાપાસ અથવા પોતાનું પરિણામ સુધારવા માગતા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપી શકશે. આ પરીક્ષા માટેનું આવેદન શાળાઓએ બૉર્ડની વેબસાઈટ WWW.GSEB.ORG પર આગામી 19 મૅ-એ સાંજે પાંચ વાગ્યા સુધીમાં કરવાનું રહેશે . એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

# MORBI BHAVNAGAR ACCIDENT

ભાવનગરમાં બે કાર વચ્ચે સર્જાયેલા માર્ગ અકસ્માતમાં પાંચ લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે , ભાવનગર-અમદાવાદ ઍક્સપ્રેસ હાઈ-વે પર ગઈકાલે હેબતપુર અને સાંઢીડા ગામ વચ્ચે બે કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો , જેમાં અમદાવાદમાં રહેતાં એક જ પરિવારના ચાર સભ્ય અને ભાવનગરના પાલિતાણાનાં એક મહિલાનું મોત નીપજ્યું છે. જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બે લોકોની હાલમાં સર-ટી હૉસ્પિટલ ખાતે સારવાર ચાલી રહી છે.

બીજી તરફ, મોરબી-વાંકાનેર હાઈ-વે રોડ પર અકસ્માત સર્જાતા એક PSI એટલે કે, પોલીસ સબ-ઇન્સ્પેક્ટરનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ

રવિ મોટવાણી જણાવે છે , મૂળ ભુજના મોટા રૈયા ગામના રહેવાસી મૃતક PSI મોરબી મુખ્યમથક ખાતે ફરજ બજાવતા હતા. તેમના સ્કૂટરની ભારે વાહન સાથે ટક્કર થતાં તેમનું મોત નીપજ્યું હતું.

---

# FLIGHTS RESUME

A.A.I. એટલે કે, ભારતીય વિમાનમથક સત્તામંડળે જણાવ્યું કે , જામનગર, ભુજ, કંડલા, કેશોદ, નલિયા, પોરબંદર, રાજકોટ હિરાસર સહિત દેશના 32 વિમાનમથક પર તાત્કાલિક અસરથી નાગરિક વિમાન સંચાલન કરી શકાશે. અગાઉ આ તમામ વિમાનમથક પર 15 મેં સુધી નાગરિક વિમાન સંચાલન બંધ રાખવામાં આવ્યું હતું. પ્રવાસીઓ પોતાની ફ્લાઈટ માટેનું સમયપત્રક એરલાઈન્સની વૅબસાઈટ પર જોઈ શકશે.

---

# STATE WEATHER

દક્ષિણ ગુજરાતના નર્મદા , ભરૂચ, સુરત, ડાંગ સહિતના જિલ્લાઓમાં તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળ પર આજે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. દરમિયાન આગામી ત્રણ દિવસ રાજ્યના વિવિધ ભાગમાં વરસાદ રહી શકે છે. તેમજ આગામી પાંચ દિવસમાં

તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે તેમ હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

(BYTE- RAMASHRAY YADAV)

---

# STATE RAIN

રાજ્યમાં ગઈકાલે કેટલાક જિલ્લામાં હળવોથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સત્તાવાર યાદી મુજબ, ગઈકાલે સવારે છ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધીમાં 17 તાલુકામાં વરસાદ નોંધાયો. દરમિયાન સૌથી વધુ દોઢ ઈંચથી વધુ વરસાદ તાપીના કુકરમુન્ડા અને અમરેલીના સાવરકુંડલા તાલુકામાં વરસ્યો. જ્યારે મોરબીના વાંકાનેર અને રાજકોટના જામ-કંડોરણા તાલુકામાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો. જામનગરના જામ-જોધપુર , જુનાગઢના મેંદરડા , અમરેલીના ધારી સહિતના તાલુકામાં અડધા ઈંચથી ઓછો વરસાદ નોંધાયાના અહેવાલ છે.

બનાસકાંઠા જિલ્લામાં શક્તિપીઠ અંબાજી ખાતે એક દિવસના વિરામ બાદ ગઈકાલે વરસાદ વરસ્યો. તેના કારણે લોકોએ ગરમીમાંથી રાહત મેળવી હતી.

---

# JUNAGADH SPORTS

જુનાગઢનાં ખેલાડી જેન્સી કાનાબાર આગામી જૂન મહિનામાં લંડન ખાતે શરૂ થનારી વિમ્બલડન ટેનિસ ટૂર્નામેન્ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. જુનાગઢના

અમારા પ્રતિનિધિ સંજીવ મહેતા જણાવે છે , 13 વર્ષનાં ખેલાડી જેન્સી કાનાબાર ચાર વર્ષનાં હતાં ત્યારથી જ ટૅનિસ પ્રત્યેના આકર્ષણના કારણે તેમના પિતાએ તેમને તાલીમ આપી. આ ખેલાડી જુનાગઢ જીમખાના સિવાય બે સિન્થેટિક કોર્ટમાં સાત કલાક સુધી ટૅનિસનો અભ્યાસ કરે છે.

આગાઉ જેન્સી અન્ડર ફોર્ટિનમાં કમ્બોડિયા અને મલેશિયા ટૂર્નામેન્ટમાં વિજેતા બની વિમ્બલડન ચેમ્પિયનશિપ માટેનાં દાવેદાર બન્યાં હતાં. હવે આગામી જૂન મહિનામાં શરૂ થનારી વિમ્બલડન ગ્રાન્ડ ટૂર્નામેન્ટમાં જુનિયર વિભાગમાં જેન્સી કાનાબાર ભારતનું પ્રતિનિધિત્વ કરશે.

---

# MUKESH PATEL GIR

ગીર સહિત સૌરાષ્ટ્રના 11 જિલ્લામાં ચાલી રહેલી 16-મી એશિયાઈ સિંહ વસતિ ગણતરીનો આજે છેલ્લો દિવસ છે. ત્યારે રાજ્યના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે ગઈકાલે જુનાગઢના સાસણગીરની મુલાકાત લઈ વસતિ ગણતરી માટે ચાલી રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. દરમિયાન તેમણે સાસણ ગીર ખાતે સિંહની સારવાર માટેની હોસ્પિટલમાં મુલાકાત લીધી અને અધિકારીઓ પાસેથી કામગીરીની માહિતી મેળવી હતી.

---